

(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

## ડીસા પુરગ્રસ્ત કોલોનીનું નાળુ ગંદા પાણીથી ઉભરાયુ

ડીસા શહેરમાં પાટણ હાઈવે વિસ્તારમાં આવેલી પુરગ્રસ્ત કોલોનીમાં પસાર થતી ગટરનું નાળુ છેલ્લા ઘણા સમયથી કચરાના ભરાવાના કારણે ઉભરાઈ રહ્યું છે. જેના કારણે આજુબાજુમાં રહેતા લોકોને રહેવું ભારે પડી ગયું છે. ડીસા શહેરના પાટણ હાઈવે વિસ્તારમાં આવેલી પુરગ્રસ્ત કોલોનીમાં થઈને પસાર થતી ગટરની વર્ષોથી સફાઈ થઈ નથી. જેના કારણે તે કચરાથી પુરાઈ ગઈ છે. આગામી સમયમાં ચોમાસું બેસી રહ્યું છે. ત્યારે જો ગટરની સફાઈ નહીં કરાય તો ગંદુ પાણી લોકોના ઘરોમાં ઘુસી જાય તેવી સ્થિતિ સર્જાઈ છે. કચરાના ભરાવાને કારણે હાઈવે રોડ પરનું નાળુ ગંદા પાણીથી ઉભરાઈ રહ્યું છે. જેના કારણે આજુબાજુના લોકોને રહેવું ભારે પડી રહ્યું છે. આ બાબતે નગરપાલિકાને જાણ કરવા છતાં કોઈ કાર્યવાહી હાથ ધરાઈ નથી. આ વિસ્તારના મુકદમને પણ રહીશોએ વારંવાર જાણ કરી હોવા છતાં સફાઈ નહીં થતાં લોકોની હાલત કફોડી બની ગઈ છે. ત્યારે જો આ નાળાની સફાઈ નહીં થાય તો રોગચાળો ફાટી નિકળે તેવી સ્થિતિ સર્જાઈ છે. આ બાબતે નગરપાલિકા તંત્ર ઘટતી કાર્યવાહી કરી લોકોને ગંદકીમાંથી મુક્ત કરવામાં આવે તેવી માંગ પ્રવર્તી રહી છે.

### અચ્છે દિન શુરૂ હો ગયે,પ્રજાના કે ગુંડા તત્વોના ?

# આંકલાવ તાલુકાના હઠીપુરામાં જાહેરમાં વિદેશી દારૂ-જુગારનો અડ્ડાઓ : પોલીસ સામે પ્રજાનો રોષ

## 'આંખ બંધ કરી દૂધ પીતા બાઘડ બિલ્લા જેવુ વર્તી રહયા છે' આંકલાવના પી.એસ.આઈ. બી. એસ. જાડેજા

ઉમરેઠ તા.૨૨

લોકસભાની ચૂંટણીના પરિણામો જાહેર થઈ ગયા પછી તેમજ આચાર સહિતાનો કાયદો હટવાના ગણતરીના કલાકોમાં આણંદ જીલ્લામાં જુગારના અડ્ડા તથા પરપ્રાંતના વિદેશી દારૂની પરબો શરૂ થઈ છે. ખુલ્લા ખેતરોમાં મોટા તંબુ બાંધી ગેર કાયદેસર જુગારની કલબો શરૂ કરાય છે. અને ખેલીઓને આકર્ષવા વિવિધ બ્રાંન્ડનો વિદેશી દારૂ,ઠંડી બિયર સાથે ગરમાગરમ નાસ્તા પીરસવામાં આવે છે. જનરેટરોની મદદથી લાઈટ અને એર કુલરોની પણ વ્યવસ્થા કરવામાં આવે છે. આમ કોઈ મેળો જામ્યો હોય તેટલી મોટી સંખ્યામાં લકઝરીયસ કારોમાં ખેલાડીઓ લાખ્ખો રૂપિયાનો જુગાર રમાય છે. સૂત્રો ધ્વારા મળતી જાણકારી મુજબ સ્થાનિક પોલીસથી માંડી ગૃહ ખાતાની વિવિધ શાખાઓને લાખ્ખો રૂપિયાનો હપ્તો દર માસે ચૂકવવામાં આવે છે. જેના કારણે પ્રજાના જાનમાલ તેમજ અસામાજીક બદીઓને નેસ્તનાબુદ કરવાની જેના શિરે જવાબદારી છે. તે પોલીસ ખાતુ લાખ્ખો રૂપિયાની ગાંધીછાપ કડકડતી નોટો આગળ અસામાજીક તત્વો સામે કુર્નિશ બજાવતી હોય તેમ જણાઈ રહયુ છે.



આણંદ જીલ્લાના આંકલાવ તાલુકાના હઠીપુરા ગામની સીમમાં ખૂબ મોટા પાયે ગેર કાયદેસર જુગારનો અડ્ડો શરૂ થયો છે.સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ ખુલ્લા ખેતરમાં તંબુના મોટા શેડ મારી દિવસ અને રાત વિવિધ પ્રકારનો ગેર કાયદેસર જુગાર રમાડાઈ રહયો છે. સાથે અલગઅલગ બ્રાન્ડનો વિદેશી દારૂ અહી છુટથી મળે છે. ખેલીઓ માટે ચા-કોફી તેમજ ગરમ નાસ્તાની પણ વ્યવસ્થા છે. આ કારણે ખાસ કરીને યુવાનોનો મોટો જમાવડો થાય છે.ખુલ્લા ખેતરમાં મોંઘીદાટ ગાડીઓ પાર્કીંગ થતી હોવા છતાં આંકલાવ પોલીસ કશું જાણતી ન હોય તેવો ડોળ કરતી જણાઈ રહી છે. કહેવાય છે કે પોલીસનું મોં બંધ કરવા બુટલેગરો ધ્વારા લાખ્ખો રૂપિયાના બંડલ ધરાવાય છે.




હઠીપુરા ગામની સીમમાં શરૂ થયેલ અસામાજીક બદીના કારણે આજુબાજુના ખેતરો વાળા તેમજ તે રસ્તેથી જતાં લોકો ભયથી થરથર કાંપી રહયા છે. અહીં યુવાધન તો બરબાદ થઈ રહયુ છે. તે સાથે ખેતરમાં જતી આવતી મા,બહેન,દીકરીઓની સલામતી જોખમાઈ છે. સ્થાનીક પ્રજાજનો સવાલ કરી રહયા છે કે અહીં બળાત્કાર જેવી ઘટના બને તો તેનો જવાબદાર કોણ?

# પ્રાથમિક કક્ષાએથી સ્પર્ધાત્મક પરીક્ષાનું શિક્ષણ આપતી ઈડરની એકમાત્ર યુનિક યુ સ્કૂલ


ઈડર, તા. ૨૨

યુનિક-યુ ઈન્ટરનેશનલ સ્કૂલ ઈડરમાં બાળકોના વિકાસ અર્થે ભવિષ્યમાં આવનારી સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી પાયાથી જ કરાવવામાં આવી રહી છે. વિદ્યાર્થીઓને સ્કૂલના શિક્ષણ સિવાય સરકારી નોકરી મેળવવામાં ઉપયોગી સાબિત થાય તે માટેનું શિક્ષણ આપવામાં આવી રહ્યું છે.

સામાન્ય રીતે શાળાકીય શિક્ષણમાં સ્પર્ધાત્મક પરીક્ષાઓને લગતુ શિક્ષણ આપવામાં આવતુ નથી.



(તસવીર : જીતેન્દ્ર પટેલ, ધનસુરા)



શાળાકીય શિક્ષણમાં પુસ્તક આધારિત જ્ઞાન આપવામાં આવે છે. ત્યારે ઈડરની યુનિક યુ ઈન્ટરનેશનલ સ્કૂલમાં સરકારી નોકરીઓને અનુલક્ષીને શિક્ષણ આપવામાં આવે છે.

શાળામાં આંતરરાષ્ટ્રીય લેવાતી ગણિતની પરીક્ષા, ઓલ ઈન્ડિયા રામાનુજ મેથ્સ સ્પર્ધા, ઈન્ડિયન સાયન્સ ઓલમ્પિયાડ ઈન્ટરનેશનલ ઈગ્લિશ ઓલમ્પિયાડ, જનરલ નોલેજ અને બુદ્ધિ કસોટી જેવી પરીક્ષાઓનું પ્રાથમિક કક્ષાએથી જ તૈયારી કરાવવામાં આવે છે. જે વિદ્યાર્થીઓને ભવિષ્યમાં આવનારી પરીક્ષાઓમાં ફાયદાકારક સાબિત થઈ શકે છે.

# એક જ રાત્રિમાં પ્રાંતિજ અને તાજપુરમાં તસ્કરોનો તરખાટ

## પ્રાંતિજમાં ચાર દુકાન અને એક ચાની કેબિન તેમજ તાજપુરમાં એક દવાખાનુ અને સિમેન્ટની દુકાનને નિશાન બનાવ્યા





(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

પ્રાંતિજ, તા. ૨૨

સાબરકાંઠાના પ્રાંતિજ તાલુકામાં ગઈકાલે રાત્રે તસ્કરોએ તરખાટ મચાવ્યો હતો. પ્રાંતિજ અને તેની પાસે આવેલા તાજપુરમાં એક સાથે દુકાનોના તાળા તુટવાની ઘટનાએ આ વિસ્તારમાં સનસનાટી ફેલાવી દીધી છે. માત્ર એક જ રાત્રિમાં પ્રાંતિજમાં ચાર દુકાનો અને એક ચાની કેબિન ઉપરાંત તાજપુરમાં એક ક્લિનીક અને સિમેન્ટની દુકાનના તાળા તુટ્યા હતા.

પ્રાંતિજના મેઈન બજારમાં આવેલ ચાર દુકાન અને એક ચાની કેબિનને નિશાન બનાવતા તાળા તોડ્યા હતા. પ્રાંતિજના મેઈન બજારમાં આવેલ એક મેડીકલ સ્ટોર્સ, ઈલેક્ટ્રોનિક્સની દુકાન, કાપડની દુકાન અને ચા ની દુકાનના તાળા તોડી તસ્કરો હાથ ફેરો કર્યો હતો. જો કે તસ્કરોને પરચુરણ સિવાય કાંઈ મળ્યું નહોતુ પરંતુ તેમણે તોડેલા શટલ, તાળા અને ટેબલોના નકુચા વગેરેનો રીપેરીંગ કરાવવાનું આર્થિક નુકશાન વેપારીઓએ ભોગવવાનું આવ્યું હતું.

આ ઉપરાંત પ્રાંતિજ પાસે આવેલા તાજપુર ખાતે એક ક્લિનિક અને સિમેન્ટની દુકાન પણ તસ્કરોની ઝપટે ચડ્યા હતા અને રૂપિયા ત્રણ હજારની રોકડ રકમની ઉઠાંતરી કરી હતી. રાત્રીના સમયે પોલીસનું સતત પેટ્રોલીંગ ચાલુ હોવા છતાં માત્ર એક જ રાત્રિમાં પ્રાંતિજ અને તાજપુરમાં દુકાનો તુટવાની ઘટનાએ પોલીસની ઉંઘ હરામ કરી દીધી છે. આ વિસ્તારમાં રહીશોએ પોતાના ઘર, સોસાયટી અને દુકાનોનું જાતે રક્ષણ કરવું પડશે તેવી વાતો પણ ચર્ચાઈ રહી છે. પ્રાંતિજ અને તાજપુરમાં થયેલી આ ચોરીની પોલીસ ચોપડે ફરિયાદ નોંધાઈ ન હોવા છતાં જો પોલીસ સમયસર નહી જાગે તો સમગ્ર પંથકમાં તસ્કરરાજ છવાઈ જશે તેવી લોકોમાં ભીતિ સેવાઈ રહી છે.

# પાલનપુર નગરપાલિકાએ કરવેરા બાકીદારો વિરૂદ્ધ આક્રમક કાર્યવાહી હાથ ધરાઈ

### ૬૦૦થી વધુ જપ્તી વોરંટ બજાવાયા અને રૂપિયા પચાસ હજારની સ્થળ પર વસુલાત કરાઈ : બે મિલકત સીલ કરાઈ : હજુ પણ નિશ્ચિત સમયમર્યાદામાં ચુકવણી નહી થાય તો પાણીના કનેકશન પણ કાપી નંખાશે

ગાંધીનગર, તા. ૨૨

પાલનપુર નગરપાલિકા દ્વારા જેમના લાંબા સમયથી કરવેરા બાકી હોય તેવા મિલકત ધારકોને મિલકતોની જપ્તી વોરંટની બજવણી કરાઈ હતી તેમજ ૨ મિલ્કતોને સીલ કરવામાં આવી હતી. આ ઉપરાંત આ મિલકતધારકો જો નિશ્ચિત સમયમર્યાદામાં બાકી કરવેરા નહી ભરે તો ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ની કલમ અન્વયે કાર્યવાહી કરવામાં આવશે અને તેમના પાણીના કનેક્શન કાપવાની કાર્યવાહી પણ કરવામાં આવશે તેવી ચીમકી પણ અપાઈ હતી.



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

આજે પાલનપુર નગરપાલિકા દ્વારા રીઢા બાકીદારોની મિલકતો સીલ કરવાની કાર્યવાહી નગરપાલિકાના પ્રમુખ હસમુખ પઢીયાર, કારોબારી ચેરમેન વિજય જોષી તેમજ મુખ્ય અધિકારી યુ.ડી. સિન્ધાની સૂચના અન્વયે હાથ ધરાઈ હતી. આ કાર્યવાહી અંતર્ગત મોટીબજારમાં આવેલ મિલકત નં. ૬/૭૯૫ના મિલકતધારક મોદી છોટાલાલ બાદરમલ જેના રૂ. ૧૮૬૭૮ બાકી હતા તે અને કાઠોરી શેરીમાં આવેલ મિલકત નં. ૬/૧૦૮૦ના મિલકતધારક ફોઝાલાલ જીવરાજભાઈના રૂપિયા ૨૨૮૧૯ બાકી હતા તે બંને મિલકત સીલ કરવામાં આવી હતી. જ્યારે અન્ય બાકીદારોએ દિન-૨માં બાકી કરવેરા ભરી દેવાની ખાત્રી આપી હતી. આ કાર્યવાહી દરમ્યાન રૂ. ૫૦,૦૦૦ની સ્થળ પર આવક થઈ હતી. આ કાર્યવાહી ઘરવેરા સુપરવાઈઝર સંજય વ્યાસ તેમજ મહેશ જોષીના માર્ગદર્શન હેઠળ તમામ કાર્યવાહી કરવામાં આવી હતી.

નગરપાલિકા દ્વારા તમામ કરવેરા બાકીદાર મિલકત ધારકોને નિશ્ચિત સમય મર્યાદામાં બાકી નિકળતી કરવેરાની રકમ ભરી દેવા તાકીદ કરાઈ છે. તેમજ જો તેમ નહી થાય તો ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ની કલમ અન્વયે કાર્યવાહી કરાશે અને પાણીના નળ કનેકશન કાપી નાંખવામાં આવશે તેવી ચીમકી પણ ઘરવેરા સુપરવાઈઝર સંજય વ્યાસ દ્વારા ઉચ્ચારાઈ હતી.

## ઉનાવામાં બહારના યાત્રિકની બોલેરો ગાડીની ઉઠાંતરી

ઊંઝા વિસ્તારમાં છેલ્લા ઘણા વખતથી વાહનચોરીના કિસ્સાઓ વણથંભ્યા આગળ વધી રહ્યા હોઈ વાહનમાલિકો અને ચાલકોમાં ચિંતાની લાગણી ફેલાઈ છે. ગત તા. ૨૦મી મે ની રાત્રિના સમયે મૂળ રાજસ્થાનના એક યાત્રિકની બોલેરો ગાડીની ઊંઝા નજીકના ઉનાવા ગામેથી ઉઠાંતરી થવા પામી છે.

મૂળ રાજસ્થાનના વતની અને હાલમાં અમદાવાદના દુધેશ્વરમાં રહેતા ગટુલાલ દેવાજી મીના તેમની પત્નિ સાથે બોલેરો ગાડીમાં ઊંઝા નજીકના ઉનાવા ગામે મીરાંદાતારના દર્શનાર્થે આવ્યા હતા. બહારના આ યાત્રિકે રાતના સમયે તેમની બોલેરો ગાડી નં. જીજે-૧૮-બી.એ. ૯૫૯૮ કિંમત રૂપિયા ચાર લાખ મામુસાહેબની દરગાહ પાસે પાર્ક કરી હતી. તેની કોઈ તસ્કરો ચોરી કરીને ક્યાંક પલાયન થઈ ગયા હતા.



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

## સ્વ. રાજીવ ગાંધીને પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ અપાઈ

ભારતના પૂર્વ વડાપ્રધાન સ્વ. રાજીવ ગાંધીની પુણ્યતિથિએ પાલનપુર ખાતે બનાસકાંઠા જિલ્લા પંચાયતના બગીચામાં આવેલ તેમની પ્રતિમાને જિલ્લા કોંગ્રેસ પ્રમુખ ઝાકીર ચૌહાણ, શહેર કોંગ્રેસ પ્રમુખ મુકેશ ચૌહાણ અને કાર્યકર્તાઓએ પુષ્પાંજલિ અર્પિત કરી હતી. આ પ્રસંગે કાર્યકર્તાઓએ 'રાજીવ ગાંધી અમર રહો'ના નારા લગાવ્યા હતા. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)

## ઊંઝામાં એક વ્યક્તિને માર મારી ધમકી આપવા બાબતે ફરિયાદ

ઊંઝા, તા. ૨૨

ઊંઝા ખાતે પાંજરાપોળ વિસ્તારમાં રહેતા ભગાજી બામજી ઠાકોરનો ભત્રીજો ગંભીર પ્રકારના ગુનામાં આરોપી તરીકે જેલમાં છે. જેથી તેમના સંબંધીઓ મળવા માટે આવતા હોઈ ગંભીર પ્રકારના ગુનાના ફરિયાદી પક્ષના બે માણસોએ ભગાજી ઠાકોરને અપશબ્દો બોલી લાકડીથી માર મારી ધમકી આપી હતી. આ તકરાર સમયે ઝપાઝપી દરમિયાન તેમના ખિસ્સામાંથી બે હજાર રૂપિયા પડી ગયા હતા.

આ અંગે ઊંઝા પોલીસે રબારી ચકુભાઈ લાલાભાઈ સહિત બે જણાઓ વિરૂદ્ધ મારામારી, ધમકી આપવા તેમજ નુકસાની બાબતે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## કાલીપુરામાં ગાયત્રી યજ્ઞ યોજાયો

પ્રાંતિજ તાલુકાના કાલીપુરા ગામે ગાયત્રી પરિવાર દ્વારા તાજેતરમાં ગાયત્રી યજ્ઞનું આયોજન કરાયું હતુ. ગામના માઈ ભક્ત રોહિતભાઈ ચીમનભાઈ પટેલના મુખ્ય યજમાન પદે યોજાયેલા આ ગાયત્રી યજ્ઞ પ્રસંગે વૈદિક મંત્રોચ્ચાર વચ્ચે હોમહવન, સત્સંગ, આરતી અને મહાપ્રસાદ જેવા ધાર્મિક કાર્યક્રમોનું પણ યોજાયા હતા. આ પ્રસંગે આમંત્રિત સ્નેહી અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.


આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી





પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓના અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર | કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન